## બેંક ઓફ ઈન્ડિયાના મેનેજર સામે ગુનો દાખલ

ગાંધીનગર શહેરના ઘ-૬ સર્કલ નજીક સ્થિત બેંક ઓફ ઈન્ડિયાના એટીએમ સેન્ટર બહાર ગાંધીનગર એલસીબી પીઆઈ આશુતોષ પરમારની સુચનાથી તેમની ટીમે ચેકીંગ કર્યુ તો સીસીટીવી કેમેરા લગાડેલા ન હોવાથી ધ્યાને આવ્યું હતું. એલસીબીની ટીમે જિલ્લા કલેક્ટરના જાહેરનામાના ભંગનો કલમ-૧૮૮ મુજબ બેંક મેનેજર સામે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



જોગાણી માતાના ફૂલ ગરબાનું આયોજન સેક્ટર-૬-બી ખાતે બુધવારે રાત્રે રાખવામાં આવ્યું હતું. વસાહતીઓના સાથ સહકારથી રાખવામાં આવેલ આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાયા હતા. (તસવીર : કશ્યપ નીમાવત)

# લાયસન્સ વિના ચાલતી સિક્યુરીટી એજન્સીના માલીકો સામે ગુનો દાખલ

### કુડાસણની સ્વાગત રેઈન ફોરેસ્ટ ફલેટમાં ટીઆઈએસએસ એજન્સીએ ૧૧ ગાર્ડને નોકરીમાં મુકયા હતા : બે માલીકો સામે એસઓજીએ દરોડો પાડી કાર્યવાહી કરી

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર નજીક કુડાસણ ગામની સીમમાં સ્થિત સ્વાગત રેઈન ફોરેસ્ટ રેસીડેન્સી ફલેટમાં ગાંધીનગર એસઓજીની ટીમે ચેકીંગ કરતાં બહાર આવ્યું છે કે ફલેટમાં જે સિક્યુરીટી મુકવામાં આવી છે તે સિક્યુરીટી એજન્સી પાસે લાયસન્સ જ નથી. તેમ છતાં ૧૧ ગાર્ડ ફલેટની સ્કીમમાં ગોવઠવી દેવામાં આવ્યા હતા. એસઓજીએ એજન્સીના બંને માલીકો સામે ગુનો નોંધી ઈન્ફોસીટી પોલીસમથકને તપાસ સોંપી દીધી છે.

ગાંધીનગર એસઓજી પી.આઈ. જે.ડી. બ્રહ્મભટ્ટની સુચનાથી પીએસઆઈ ઉત્સવ બારોટ તથા તેમની ટીમે સિક્યુરીટી એજન્સીઓનું ચેકીંગ શરૂ કર્યુ છે. જે અંતર્ગત કુડાસણ પાસે સ્થિત સ્વાગત રેઈન ફોરેસ્ટમાં મુકવામાં આવેલી સિક્યુરીટી એજન્સી ટી.આઈ.એસ.એસ.ના લાયસન્સ અંગે ચકાસણી કરતાં બહાર આવ્યું કે તેના સંચાલકો પ્રવિણ તુકારામ પાઈકરાવ અને તુકારામ રામદેવ પાઈકરાવ (રહે. પ્લોટ નં. ૧૩૧, સર્વોદયનગર, સે. ૩૦) પાસે સિક્યુરીટી એજન્સી ચલાવવાનું લાયસન્સ જ નથી. લાયસન્સ વગર જ ફલેટમાં ૧૧ સિક્યુરીટી ગાર્ડને નોકરી પર રાખનાર બંને સંચાલકો સામે એસઓજીએ ખાનગી સલામતી એજન્સી ધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ઈન્ફોસીટી પોલીસમથકમાં ગુનો નોંધી તપાસ ઈન્ફોસીટી પોલીસે શરૂ કરી છે.

# કોને ક્યા વિભાગની ફાળવણી

| ક્રમ | નામ અને હોદ્દા | વિષય ફાળવણીની વિગત |
|---|---|---|
| ૧. | આનંદીબેન મફતભાઈ પટેલ મુખ્યમંત્રી | સામાન્ય વહીવટ, વહીવટી સુધારણા અને તાલીમ ઉદ્યોગ, ગૃહ, ક્લાઈમેટ ચેંજ, બંદરો, માહિતી પ્રસારણ, નર્મદા, કલ્પસર, મહેસુલ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ, શહેરી વિકાસ, સાયન્સ અને ટેકનોલોજી તમામ નીતિઓ અને કોઈ મંત્રીઓને ન ફાળવેલ હોય તેવી તમામ બાબતો |
| | | મંત્રીઓ |
| ૨. | નીતિનકુમાર રતિલાલ પટેલ | આરોગ્ય, તબીબી, શિક્ષણ, પરિવાર કલ્યાણ, માર્ગ અને મકાનગ, પાટનગર શાખા |
| ૩. | રમણલાલ ઈશ્વરલાલ વોરા | સામાજિક ન્યાય અને અધિકારીતા (અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોનું કલ્યાણ) |
| ૪. | ભુપેન્દ્રસિંહ મનુભા ચુડાસમા | શિક્ષણ (પ્રાથમિક, માધ્યમિક, પ્રૌઢ), ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ, અન્ન નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતો, વૈધાનિક અને સંસદીય બાબતો |
| ૫. | મંગુભાઈ છગનભાઈ પટેલ | વન અને પર્યાવરણ, આદિજાતિ વિકાસ |
| ૬. | સૌરભ પટેલ | નાણા, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ, ખાણ ખનિજ, કુટિર ઉદ્યોગ, મીઠા ઉદ્યોગ, છાપકાપ અને લેખન સામગ્રી, આયોજન, પ્રવાસન, નાગરિક ઉડ્ડયન |
| ૭. | બાબુભાઈ ભીમાભાઈ બોખીરિયા | જળ સંપત્તિ (કલ્પસર સિવાય), કૃષિ, સહકાર, પશુપાલન, મત્સ્યોદ્યોગ, ગૌસંવર્ધન |
| ૮. | વિજયકુમાર રમણીકલાલ રુપાણી | વાહન વ્યવહાર, પાણી પુરવઠો, શ્રમ અને રોજગાર |
| | | રાજ્યકક્ષાના મંત્રી |
| ૯. | શંકરભાઈ લગધીરભાઈ ચૌધરી | શહેરી ગૃહ નિર્માણ (સ્વતંત્ર હવાલો), આરોગ્ય અને પરિવાર કલ્યાણ, વાહન વ્યવહાર |
| ૧૦. | વસુબેન નરેન્દ્રભાઈ ત્રિવેદી | મહિલા-બાળ કલ્યાણ (સ્વતંત્રહવાલો), ઉચ્ચ-ટેકનિકલ શિક્ષણ |
| ૧૧. | પ્રદીપસિંહ ભગવતસિંહ જાડેજા | કાયદો અને ન્યાયતંત્ર, દેવસ્થાન, યાત્રાધામ વિકાસ, સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન, બિન નિવાસી ગુજરાતી પ્રભાગ, પ્રોટોકોલ (તમામ સ્વતંત્ર હવાલો) અને વૈધાનિક અને સંસદીય બાબતો |
| ૧૨. | જયંતિભાઈ રામજીભાઈ કવાડિયા | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ-ગ્રામ વિકાસ (સ્વતંત્ર હવાલો), સહકાર |
| ૧૩. | નાનુભાઈ ભગવાનભાઈ વાનાણી | રમત-ગમત, યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ (સ્વતંત્ર હવાલો), જળસંપત્તિ (કલ્પસર સિવાય), શિક્ષણ (પ્રાથ., માધ્ય., પ્રૌઢ) |
| ૧૪. | દિલીપકુમાર વીરાજી ઠાકોર | સામાજિક-શૈક્ષણિક પછાત વર્ગોનું કલ્યાણ, શ્રમ અને રોજગાર |
| ૧૫. | પરષોત્તમભાઈ સોલંકી | પશુપાલન |
| ૧૬. | જશાભાઈ ભાણાભાઈ બારડ | કૃષિ, નાગરિક ઉડ્ડયન |
| ૧૭. | છત્રસિંહ પૂંજાભાઈ મોરી | અન્ન અને નાગરિક પુરવઠા, ગ્રાહકોની બાબતો |
| ૧૮. | જયદ્રથસિંહજી પરમાર | માર્ગ અને મકાન, પાટનગર યોજના |
| ૧૯. | રજનીકાંત સોમાભાઈ પટેલ | ગૃહ, પોલીસ આવાસો, સરહદી સુરક્ષા, નાગરિક સંરક્ષણ, ગૃહ રક્ષક દળ, ગ્રામ રક્ષક દળ, જેલ, નશાબંધી, આબકારી |
| ૨૦. | ગોવિંદભાઈ ઉકાભાઈ પટેલ | ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ, સાયન્સ એન્ડ ટેકનોલોજી |
| ૨૧. | તારાચંદ જગસીભાઈ છેડા | કુટિર ઉદ્યોગ, મીઠા ઉદ્યોગ અને ગૌસંવર્ધન |
| ૨૨. | જયેશકુમાર વિઠ્ઠલભાઈ રાદડિયા | પ્રવાસન, પાણી પુરવઠો |
| ૨૩. | બચુભાઈ મગનભાઈ ખાબડ | મત્સ્યોદ્યોગ, વન અને પર્યાવરણ |
| ૨૪. | કાંતિભાઈ રેશમાભાઈ ગામીત | આદિજાતિ વિકાસ |

## રાષ્ટ્રીય એકતાના શપથ લેવડાવ્યા

ગાંધીનગર, તા.૧૯

ગુજરાત રાજયના મહામહિમ રાજયપાલ ઓ.પી. કોહલીએ આજે રાજભવનના અધિકારીઓ અને કર્મચારીઓને એકતા અને અખંડિતતાના શપથ લેવડાવ્યા હતા. રાજભવન ખાતે ફરજ બજાવતા તમામ કર્મચારીઓ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતાં.

# તલોદમાંથી ગુમ થયેલા કિશોરનો મૃતદેહ રીવરફ્રન્ટમાંથી મળી આવતાં ખળભળાટ

ગાંધીનગર, તા.૧૯

તલોદમાં રહેતા વણીક સમાજના પરિવારનો પુત્ર સોમવારે સાંજે ટયુશન ગયા પછી ગુમ થઈ ગયેલ હતો. જેની સઘન શોધખોળના અંતે તલોદ પોલીસમાં ફરિયાદ થઈ હતી. જેથી તલોદ પોલીસે ગુમ કિશોર અંગે રાજયભરના પોલીસ સ્ટેશનોને જાણ કરી હતી. જે અન્વયે બુધવારે સવારે અમદાવાદના રીવર ફ્રન્ટમાંથી એક કિશોરની લાશ મળી આવતાં એલિસબ્રિજ પોલીસે તલોદ પોલીસને જાણ કરી ઓળખ કરી જવા જણાવ્યું હતું. જેમાં ગુમ કિશોરના વાલી વારસોએ ઓળખ કરતાં આ લાશ તલોદના ગુમ થયેલા કિશોરની જ હોવાનું જણાયું હતું જેથીકિશોરની લાશ મળ્યાના સમાચારે તલોદ શહેરમાં ખળભળાટ મચાવી દીધો હતો જયારે પરિવાર ઉપર આભ તુટી પડયું હતું.

મળેલ વિગતો મુજબ હરસોલા વણીક સમાજના મહેશભાઈ નટવરલાલ ગાંધી તેમના પરિવાર સાથે રોયલ પાર્ક સોસાયટીમાં રહેતા હતા તેમનો પુત્ર દિપ ગાંધી (ઉ.વ.૧૬) સી.ડી. પટેલ હાઈસ્કુલ તલોદમાં ધો-૧૧ સાયન્સમાં અભ્યાસ કરતો હતો અને સોમવારે શ્રીનાથજી હવેલી પાસે ટયુશન ગયા પછી પાછો પરત ફર્યો ન હતો જેથી પરિવારે સઘન શોધખોળ હાથ ધરી હતી. આમ છતાં પત્તો ન લાગતા તલોદ પોલીસમાં ગુમ થયાની ફરિયાદ કરી હતી. તલોદ પોલીસે ગુમ થયેલા દિપ ગાંધીની વિગતો સાથે રાજયભરના પોલીસમાં જાણ કરી હતી.

દરમિયાન અમદાવાદના રીવર ફ્રન્ટમાંથી બુધવાર સવારે ૯-૦૦ વાગે એક કિશોરની લાશ એલિસબ્રિજ પોલીસને મળી આવી હતી. જેથી એલિસબ્રિજ પોલીસે તલોદ પોલીસને જાણ કરી ઓળખ કરી જવા જણાવ્યું હતું તલોદ પોલીસે ગુમ કિશોર દિપના પિતા મહેશભાઈને આ અંગે જાણ એલિસબ્રિજ પોલીસનો સંપર્ક કરવા જણાવ્યું હતું. મહેશભાઈએ તેમના અમદાવાદ સ્થિત મિત્રો તથા સગાવ્હાલાને લાશ જોઈ જઈ આવવા કહ્યું હતું. જેમાં મૃતકની લાશના ખિસ્સામાંથી તેના મમ્મી-પપ્પાનો ફોટો મળી આવ્યો હતો અને ટીશર્ટ ઉપર અસ્પષ્ટ મોબાઈલ નંબર લખેલો હતો જેથી આ ચીજવસ્તુઓ અને કપડાંના આધારે આ લાશ દિપ ગાંધીની હોવાનું જણાવ્યું હતું. જે અંગે તલોદમાં તેના પરિવારને જાણ કરાતાં પરિવાર ભારે આઘાતમાં સરી પડયો હતો તેમજ શહેરમાં ખળભળાટ મચી ગયો હતો.

## સરઢવની લીંબુ વાડીમાંથી મળેલા દારૂ પ્રકરણમાં બે આરોપી ઝડપાયા

### સરઢવ ગામના બે બુટલેગરની ધરપકડ : વાડીમાંથી ૨૯ હજારનો દારૂ-બિયરનો જથ્થો જપ્ત કર્યો હતો

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર નજીક સરઢવ ગામમાં પેથાપુર પોલીસે બાતમીને આધારે તાજેતરમાં એક લીંબુ વાડીમાં દરોડો પાડીને દારૂ-બિયરનો જથ્થો પકડી પાડ્યો હતો. આ દારૂ-બિયર જે બુટલેગરોએ વેચવા માટે સંતાડ્યો હતો તે સરઢવ ગામના બંને બુટલેગરોની પેથાપુર પોલીસે ધરપકડ કરી પુછપરછ શરૂ કરી છે.

સરઢવ ગામની એક લીંબુ વાડીમાં ગામનાં જ બે બુટલેગરોએ વિદેશી દારૂ અને બિયરનો જથ્થો સંતાડ્યો હોય તેવી બાતમી પેથાપુર પોલીસને મળતા પી.એસ.આઈ. એસ.જે. વાઘેલાએ તેમની ટીમ સાથે પહોંચી જઈ દરોડો પાડીને વાડીમાંથી ૭ નંગ વિદેશી દારૂની બોટલો અને ૪૦ નંગ બિયરના ટીન મળીને કુલ રૂ. ૪૯,૨૦૦ની કિંમતનો દારૂ-બિયરનો જથ્થો મળી આવતા દારૂ-બિયર જપ્ત કરી ફરાર બંને બુટલેગરની શોધખોળ શરૂ કરી હતી. પોલીસે ગઈ રાત્રે સરઢના બંને બુટલેગર મેહુલ બાબુ પટેલ અને અનુ ભીખા દંતાણીની ધરપકડ કરીને ઊંડી પુછપરછ શરૂ કરી છે.



## ચિલોડા-હિંમતનગર હાઈવે પર કન્ટેઈનરે પલ્ટી ખાધી

ચિલોડાથી હિંમતનગર તરફના નેશનલ હાઈવે પર આજે સવારે એક તોતિંગ કન્ટેઈનર પલ્ટી ખાઈ જતાં તેમાં ભરેલ પ્લાયવુડનો માલસામાન રોડ પર ફેલાઈ ગયો હતો જેના કારણે કલાકો સુધી ચક્કા જામની સ્થિતિ સર્જાઈ હતી. ઉત્તરપ્રદેશના લખનૌથી ભાવનગર તરફ જઈ રહેલા કન્ટેઈનરને હટાવવા પોલીસ તથા નેશનલ હાઈવે ઓથોરીટી વાળાએ બે ક્રેઈનનો ઉપયોગ કરવો પડયો હતો. સવારના સમયે જ હાઈવે પર ટ્રાફિક જામ થવાથી વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી અને રોજે રોજ અપડાઉન કરતા નોકરિયાત વર્ગ અને શાકભાજી લઈને જતા વાહનોને સમયસર સ્થળે પહોંચવામાં મુશ્કેલી પડી હતી. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

## શબ્દાવલી - ૫૫૬૫




### આડી ચાવી

૧. બાજપક્ષી, પાકો ઉઠાવગીર (૫)
૫. ગુરખો, ચોકીદાર (૨)
૭. રાવ (૪)
૯. શેરડીનો રસ કાઢવાનો સંચો (૨)
૧૧. મર્યાદા, હદ (૩)
૧૩. શ્રીરામને એંઠા બોર ખવડાવનાર પરમભક્ત સ્ત્રી (૩)
૧૪. મિલાપ, મળવું તે (૩)
૧૬. બારની સંખ્યા (૩)
૧૮. ભેગુ, સહિયારુ (૪)
૧૯. બકવાસ કરવો તે, ઘણાં તાવમાં... કરે (૪)
૨૦. રાંધવાનું એક ખાસપાત્ર(૩)
૨૧. ઉતાવળનો ગભરાટ (૪)

### ઊભી ચાવી

૧. ભાષાના શબ્દોના સંગ્રહનો ગ્રંથ (૪)
૨. રૂઆબ (૨)
૩. ઝીણુ, સુક્ષ્મ (૩)
૪. દુર્ગા-પાર્વતી (૨)
૬. ધાતુ પર સોના વગેરેનો ઢોળ ચડાવવો તે (૩)
૮. વાદ-વિવાદ (૫)
૧૦. સીરીઝ (લાઇટની) જેમાં ચાલુબંધ થાય તેને ઘણા... કહે છે (૬)
૧૨. એક રાશી (૨)
૧૫. સાવકોરું, ભીનું ના હોય તેવું (૪)
૧૭. નહિતર (૩)
૧૮. વટાણાને અંગ્રેજીમાં... કહેવાય (૩)

### શબ્દાવલી ૫૫૬૪ના જવાબ

**આડી ચાવી :-** (૧) દાવાનળ (૫) નિશાકર (૭) ઢોરમાર (૯) નરક (૧૦) કળશ (૧૧) તોબા (૧૨) ઉપજ (૧૩) રાજમા (૧૪) આગ (૧૬) વખ (૧૮) વરો (૧૯) રામ (૨૦) કીડી (૨૧) અમન

**ઊભી ચાવી :-** (૧) દાળ ઢોકળી (૨) નરમાશ (૩) નિશાનબાજ (૪) બરકત (૬) કર (૮) રળ (૧૧) તોપમારો (૧૨) ઉજવણી (૧૪) આરામ (૧૫) ગમન (૧૬) વકી (૧૭) ખડી

## કુંભકર્ણ જેવું ગાંધીનગરનું પોસ્ટતંત્ર : ૧૦ દિવસે સ્થાનિક પત્રો મળતા નથી

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરમાં સ્થાનિક પત્રો ૧૦ દિવસ સુધી પહોંચી શક્યા નથી તેવો કિસ્સો બહાર આવેલ છે. વિસનગરા નાગર પરિવારના આમંત્રણ પત્રિકાઓ અંદાજે ૧૫૦ જેટલી ૧૦ દિવસ અગાઉ સેક્ટર-૭ના પોસ્ટના ડબ્બામાં પોસ્ટ કરેલ હતી જે ૧૦ દિવસ સુધી સ્થાનિક હોવા છતાં કોઈપણ વ્યક્તિને મળેલ નથી. તે ખરેખર પોસ્ટખાતાનું કુંભકર્ણ નિદ્રા સમાન છે.

વધુમાં ગાંધીનગર તાલુકામાં કોબા, સરઢવ જેવા ગામોમાં ૨૫ દિવસસુધી ગાંધીનગરથી પોસ્ટ કરેલી ટપાલ મળતી નથી. ૧૫૦ આમંત્રણ પત્રિકા પોસ્ટ કરનાર મંડળને ફરીથી બધાને આમંત્રણ રૂબરૂમાં મોકલવા પડે તેવી પરિસ્થિતિ સર્જાઈ છે. તો જવાબદાર સામે જરૂરી કાર્યવાહી કરવાની જરૂર છે. આ પત્રો જે તે વ્યક્તિઓને તુરત જ પહોંચે તેની પોસ્ટ ખાતાએ કાળજી લેવી જોઈએ.

## વણકર સેવા સમાજનો પસંદગી મેળો

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાત વણકર સેવા સમાજનો ૧૮મો જીવનસાથી પસંદગી મેળો યોજવામાં આવશે. અમદાવાદ સુભાષબ્રિજ જેલ રોડ પાસે આવેલ વણકર સેવા ભવન ખાતે આગામી તા. ૨૩ નવેમ્બર, રવિવારે બપોરે ૨.૦૦ કલાકે યોજાશે. તેમજ સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવશે. જીવનસાથી પસંદગી મેળામાં ભાગ લેવા ઉપસ્થિત રહેનાર યુવક-યુવતિઓએ નાણાં ભર્યાની પહોંચ સંસ્થાના સભ્ય દશરથલાલ પરમાર પાસેથી મેળવી લેવા પણ જણાવ્યું છે.



## પીએચ.ડી.ની ઉપાધી મેળવી

સી.યુ. શાહ સાયન્સ કોલેજમાં ફરજ બજાવતા પ્રો. સુનિલકુમાર પુનમભાઈ પારેખે 'સ્ટડીઝ ઈન કોરોઝન ઓફ સમ મેટલ્સ બાય ડીફરન્ટ એન્વાર્યનમેન્ટલ કંડીશન ઈન અમદાવાદ' વિષય પર સંશોધન કરી કડી સર્વ વિશ્વ વિદ્યાલય ગાંધીનગરમાં રજુ કરતા યુનિવર્સિટીએ પીએચ.ડી.ની પદવી એનાયત કરી છે. મહાનિબંધ ડૉ. અજીત વી. પંડયાના માર્ગદર્શન હેઠળ તૈયાર કરવામાં આવ્યો હતો.

## સે-૨૩માં આનંદનો ગરબો યોજાશે

ગાંધીનગર, તા.૧૯

શકિત ભાવના મંડળ દ્વારા આગામી તા. ૨૫ નવેમ્બર મંગળવાર બપોરે ૧૨.૦૦થી ૬.૦૦ વાગ્યા સુધી સેકટર-૨૩ સ્થિત શકિતભાવના મંડળ નવરાત્રી ચોક બગીચા સામે આનંદનો ગરબો યોજવામાં આવશે. ભાવનાબેન ગોકલાણીના મધુર કંઠે ગરબો ગવાશે. ધાર્મિક કાર્યક્રમમાં ભાવિ ભકતોને ઉપસ્થિત રહેવા ભાવભર્યુ આમંત્રણ આપવામાં આવ્યું છે.

## દિલમાંથી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચેલેન્જ શૉ થકી નાના પડદે ચમકવાની તક મળી હતી. લાફટર ચેલેન્જના વિનર બન્યા બાદ વર્ષ-૨૦૦૨ માં આમિરખાન સાથે તેમણે લગાન ફિલ્મમાં જૂનિયર આર્ટીસ્ટ તરીકે કામ કર્યુ હતું. જ્યારે દાયકાના અંતે સુનિલ પાલ દ્વારા લિખિત અને નિર્દેશિત ફિલ્મ મની બેક ગેરન્ટી તા. ૨૧ નવેમ્બરથી રજુ થશે. ફિલ્મના પ્રમોશન માટે ગાંધીનગર ઈન્ફોસિટી ખાતે આવેલા સુનિલ પાલે જણાવ્યું હતું કે આ ફિલ્મ નાણા ઉપાડની લેવડ દેવડ પર આધારિત છે. માત્ર ૫ કરોડના ખર્ચે તૈયાર થયેલી આ ફિલ્મમાં મનોજ જોષી, મુકેશ ખન્ના, ગણેશ આચાર્ય, દયા શંકર પાંડે, ભારતી સિંઘ, યશપાલ વર્મા અને તારક મહેતા કા ઉલ્ટા ચસ્માના નટુકાકા સહીત ૨૧ કોમેડી આર્ટીસ્ટે કામ કર્યુ છે. ફેમિલી સાથે નિહાળી શકાય તેવી આ કોમેડી ફિલ્મમાં વોટસ એપ અને ફેસ બુક પર છવાયેલી યુવા પેઢી માટે ફેવરીટ સોંગ પણ આકર્ષણનું કેન્દ્ર બને તેમ છે.

## વાંસળીના સૂરો રેલાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વ્યક્તિઓ જ આ કાર્યક્રમમાં હાજર રહેતી હતી. જ્યારે હવે અનેક નગરવાસીઓ આ કાર્યક્રમને માણવા ઉપસ્થિત રહે છે. એક વર્ષે તો હું, તુ અને રતનીયોની જેમ પારેખદાદા અને માત્ર તબલા વાદકો જ સવાર સુધી હતા.

આ કાર્યક્રમમાં તેમને ઋષિ શ્રીમાળી, ચંદ્રકાંત પંડ્યા અને પોતાના પુત્ર રાજેશ પારેખ તબલાં વાદન દ્વારા સાથ આપે છે. આ કાર્યક્રમ માટે તમામ મંજૂરી અને વ્યવસ્થા અશોકભાઈ શર્મા અને રોહિતભાઈ દરજી કરે છે. જ્યારે સાઉન્ડની સગવડ જીઈબીના ચીફ એન્જિનીયર આઈ.એમ. પટેલ દ્વારા કરવામાં આવી છે. આ કાર્યક્રમ માટે ગાદલાંની વ્યવસ્થા સે. ૨૮ના હેતલ મંડપવાળા તરફથી છેલ્લા ૨૦ વર્ષથી આપવામાં આવે છે. જ્યારે ચા-પાણી-નાસ્તાની વ્યવસ્થા પેથાપુરના જનક ચા વાળા મહેશભાઈ દ્વારા કરવામાં આવે છે. જીઈબીના ડેપ્યુટી એન્જિનીયર ગજ્જર પણ આ કાર્યક્રમને ઘણો સહકાર પુરો પાડે છે. પારેખ દાદા કહે છે 'જ્યાં એકાંત હોય ત્યાં આંસુ નીકળે અને જ્યાં આંસુ નીકળે ત્યાં ખોપડીમાંથી સાચુ સંગીત ઝરે.' પારેખદાદાના મતે ગઝલોમાં પુરૂષોત્તમ ઉપાધ્યાય અને સંતવાણીમાં નારાયણ સ્વામીના ભજન ગાવા ખૂબ અઘરા છે.

## ગુણોત્સવ આરંભાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

તૈયાર કરાયું છે. જેમાં ૨૦ પ્રશ્નો ગુજરાતીના, ગણિતના ૨૦, વિજ્ઞાન અને ટેકનોલોજીના ૧૫ પ્રશ્નો, સામાજિક વિજ્ઞાનના ૧૫ પ્રશ્નો, અંગ્રેજીના ૧૫ પ્રશ્નો, હિન્દીના ૧૦ પ્રશ્નો અને સંસ્કૃતના પાંચ પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

જિલ્લામાં ૬૯૬ શાળાઓમાં ગુણોત્સવની સંપૂર્ણ તૈયારીઓ સંપન્ન થઈ ગઈ છે. રાજયના સમાજકલ્યાણ મંત્રીશ્રી રમણભાઈ વોરા દહેગામ તાલુકામાં રાજયમંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા ગાંધીનગરમાં તેમજ ૨૦ મુદ્દા અમલીકરણ સમિતિના ચેરમેન કૌશિક પટેલ પણ ગાંધીનગર તાલુકામાં જશે. આજે પ્રથમ દિવસે ૬૧ જેટલી શાળાઓને આવરી લેવામાં આવશે.

## બીજીવાર વિસ્તરણ

● અનુસંધાન પહેલાનું ચાલુ

મળી કુલ ૨૪ સભ્યોનું મંત્રીમંડળ થયું છે. આ ઉપરાંત પાંચ સંસદીય સચિવોને ગણતાં સંખ્યા ૨૯ પર પહોંચી છે. સંસદીય સચિવોની નિમણુંક પછી રાજય મંત્રી મંડળના કરાયેલા વિસ્તરણમાં આજે પણ મધ્ય ગુજરાતને પ્રતિનિધિત્વ ન મળતાં તે મુદ્દો રાજકીય વર્તુળોમાં ચર્ચાનો બન્યો હતો. બીજી તરફ પંચાયતની આવી રહેલી ચૂંટણીઓને ધ્યાને રાખી આ વિસ્તરણ કરાયું હોવાનું પણ કહેવાઈ રહ્યું છે.

હવે બોર્ડ નિગમોમાં બાકી રહેલી નિમણુંકો હવે ટૂંકમાં હાથ ધરાશે તેવો નિર્દેશ રાજકીય વર્તુળોમાંથી મળી રહ્યા છે.

## શપથગ્રહણ સમારોહમાં કાર્યકરનું ખિસ્સું કપાયુ : રૂ. ૩૫૦૦ ગયા

રાજય મંત્રી મંડળનું આજે વિસ્તરણ કરવામાં આવ્યું હતું. મંડળમાં બે કેબીનેટ અને બે રાજયકક્ષાના મંત્રીનો સમાવેશ કરવામાં આવતા ચાર મંત્રીઓનો શપથ ગ્રહણ સમારોહ રાજભવનન પટાંગણમાં યોજાયો હતો. મોટી સંખ્યામાં મંત્રીઓના સમર્થકો ઉપસ્થિત રહ્યા હતા એક સમર્થકનું ખિસ્સુ કપાઈ જવા પામ્યું છે. રાજભવનમાં આજે બુધવારે ચાર મંત્રીઓનો શપથગ્રહણ સમારોહ યોજાયો હતો. પોતાના મત વિસ્તારના ધારાસભ્યને મંત્રી મંડળમાં સ્થાન મળતા શુભેચ્છકો અને કાર્યકરો મોટી સંખ્યામાં રાજભવનમાં ઉપસ્થિત રહ્યા હતા. શપથ ગ્રહણ સમારોહમાં એક સમર્થકનું ખિસ્સુ કપાઈ જવા પામ્યુ છે. સ્વચ્છતા અભિયાન હેઠળ ખિસ્સા કાતરુએ રૂ. ૩૫૦૦ની વગર ઝાડુ પકડે સફાઈ કરી નાખી છે. પોતાના નેતાને શુભેચ્છા પાઠવવા આવેલા કાર્યકરને હાલ તો શપથ ગ્રહણ સમારોહ રૂ. ૩૫૦૦માં પડયો અને ખિસ્સા કાતરુને મજા પડી છે. ભાજપના કાર્યક્રમમાં કોણ આવો ખિસ્સા કાતરું હોઈ શકે? તે એક મોટો પ્રશ્ન થઈ ઉઠયો છે.




MNC Expanding in Gujarat
Dynamic people invited for Business Opportunity
Call : 98240 97870

**Multiply Investment**

Plot No. 292, Shrinath Complex,
Sector-22, Gandhinagar, Gujarat-382022
**(As per our Exchange record)**

3-4 Raichandnagar Shopping Centre, Nr. Visat Circle, Sabarmati, Ahmedabad-380005
(Correspondence office address as per the document submitted for surrender of membership)

NOTICE is hereby given that we, M/s. Multiply Investment, Member of MCX having Membership ID No. 31615 and Forward Markets Commission Unique Member Code MCX/TCM/PART/1176 have applied to MCX for surrender of Membership.

Any client / person having any claim / dispute / grievance against us arising out of our transactions in commodities futures through MCX may furnish details of his / their claim in writing to the Membership Department of the Exchange (MCX) at the registered office indicated, enclosing therewith all supporting documents, within 90 days of the publication of this notice to :

**Membership Department,**
**Multi Commodity Exchange of India Ltd. (MCX),**
Exchange Square, CTS No. 255, Suren Road,
Chakala, Andheri (East), Mumbai - 400 093

**For Multiply Investment**
**Ashok Patel**
**Managing Partner**
Date : 19/11/2014
Place : Gandhinagar